# તમને કોઇ દસ હજાર રૂપિયાની નોટ આપે તો ગમે? ભારતની દસ હજારની નોટ તમે જોઇ છે?







કાગળ પર ચલણી નોટ છાપવાની શરૂઆત ૧૮મી સદીમાં થઇ હતી. કાગળ પર ચલણી નોટ છાપવાની શરૂઆત સૌપ્રથમ બેન્ક ઑફ બંગાળ, બેન્ક ઑફ બૉમ્બે અને બેન્ક ઑફ મદ્રાસે કરી હતી. પેપર કરન્સી એક્ટ ૧૮૬૧ બાદ ચલણી નોટ છાપવાનો અધિકાર સંપૂર્ણ રીતે ભારત સરકારને સોંપવામાં આવ્યો હતો.

રિઝર્વ બેન્કની સ્થાપના ૧૯૩૫માં થઇ હતી. આ અગાઉ ભારત સરકાર ચલણી નોટ છાપવાનું કામ કરતી હતી અને ત્યાર બાદ આ જવાબદારી રિઝર્વ બેન્કને સોંપવામાં આવી હતી.

સૌપ્રથમ ૧૦,૦૦૦ રૂપિયાની નોટ રિઝર્વ બેન્કે ૧૯૩૮માં ભારતમાં છાપી હતી. રિઝર્વ બેન્કે પહેલી કાગળની ચલણી નોટ છાપી એ પાંચ રૂપિયાની હતી. એ જ વર્ષે રિઝર્વ બેન્કે ૧૦ રૂપિયાની, ૧૦૦ રૂપિયાની, ૧૦૦૦ રૂપિયાની અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટ છાપી હતી. જોકે, ૧૯૪૬માં ૧૦૦૦ રૂપિયાની અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટ છાપવાનું બંધ કર્યું હતું.

ફરી એકવાર રિઝર્વ બેન્કે ૧૯૫૪માં ૧૦૦૦ રૂપિયાની અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટ છાપવાનું શરૂ કર્યું હતું. આ સાથે બેન્કે ૫૦૦૦ રૂપિયાની નોટ પણ છાપવાનું શરૂ કર્યું હતું. ૧૯૭૮માં ફરી એકવાર આ નોટો છાપવાનું બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

શું ફરી એકવાર ૧૦,૦૦૦ રૂપિયાની નોટ બજારમાં આવી શકે? ચોક્કસ આવી શકે. રિઝર્વ બેન્ક પાસે આ નોટ છાપવાનો અધિકાર છે. એ માટે ૧૯૩૪ના બેન્ક ઑફ ઇન્ડિયા એક્ટમાં થોડોક ફેરફાર કરવાનો રહેશે. હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી મેક ઇન ઇન્ડિયાની ઝુંબેશ હેઠળ દરેક વસ્તુ ભારતમાં બનાવવા માંગે છે તો ચલણી નોટ પણ ભારતમાં છપાવાની શરૂઆત થાય તો ચોક્કસ આવકાર્ય પગલું ગણાય. ■